ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# કોરોના બેફામ : શહેર-જિલ્લામાં નવા ૮૫ કેસ

**રાજ્ય મંત્રી જીતુભાઈ ચૌધરી અને અન્ય પાંચ સનદી અધિકારીઓ સંક્રમિત : શહેર-જિલ્લામાં કોરોનાનો કહેર તંત્ર હતપ્રભ : પોઝીટીવીટી રેટ બે ટકાને પાર : કલેક્ટરે એપેડેમિક એક્ટનું જાહેરનામુ પ્રસિદ્ધ કરી શરદી, તાવ શ્વાસની તકલીફ ડાયેરીયા જેવી બિમારીની દવા લેવા આવતા દર્દીઓનું રજીસ્ટ્રેશન કરવા જણાવ્યું : શહેર જિલ્લામાં ૧૦૦થી વધુ કન્ટેનમેન્ટ ઝોન**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો કહેર વધી ગયો છે અને તંત્ર પણ હતપ્રભ બની જવા પામ્યુ છે. શહેરમાં આજે ૫૯ કેસ તો ગ્રામ્ય વિસ્તારમાં ૨૬ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના વધતા જતા કહેરને પગલે આજે સાંજે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ અધિકારીઓ સાથે ગુગલ એપથી વિડીયો કોન્ફરન્સ કરી પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

બેઠક બાદ જિલ્લા કલેક્ટરશ્રીની કચેરીએ એક જાહેરનામુ પ્રસિદ્ધ કરી શરદી, તાવ, ઉધરસ, ગળામાં દુઃખાવો શ્વાસમાં તકલીફ અને ડાયેરીયા જેવી તકલીફોમાંથી કોઈપણ તકલીફ માટે દવા લેવા આવતા દર્દીનું રજીસ્ટ્રેશન કરી અને તંત્રને તેની જાણ કરવાની રહેશે. આનો ભંગ કરનારાઓ સામે એપેડેમિક એક્ટ અંતર્ગત પગલાં લેવામાં આવશે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોએ ગતિ પકડી છે અને જે રીતે કેસોની સંખ્યા સામે આવી રહી છે તેને લઈ તંત્ર પણ હતપ્રભ છે. મહિલા દર્દીઓ, વિદ્યાર્થીઓ અને યુવાઓ વધુ સંક્રમિત થઈ રહ્યા છે.

સંક્રમિતોના સંપર્કમાં આવનારા લોકો પણ સંક્રમિત થવાની હકીકતો બહાર આવતા ટ્રેસીંગની કામગીરીને સઘન બનાવવા માટે આજની બેઠકમાં ખાસ ભાર મુકવામાં આવ્યો હતો. ટેસ્ટીંગનું પ્રમાણ પણ વધારવુ તેવી સૂચનાઓ આપવામાં આવી છે. હાલ શહેર-જિલ્લામાં બે હજારથી વધુ લોકોના ટેસ્ટ થઈ રહ્યાનું જાણવા મળેલ છે.

શહેર-જિલ્લામાં કોરોનાનો પોઝીટીવીટી રેટ બે ટકાને પાર કરી ગયો છે અને જે ગતિએ કેસો વધી રહ્યા છે તે જોતાં આગામી બે-ત્રણ દિવસમાં આ રેટ પણ વધી જશે તેમ મનાઈ રહ્યું છે.

શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધી જતાં હવે સોશ્યલ ડિસ્ટન્સીંગ અને ફરજીયાત માસ્ક તેમજ વેક્સિનના બે ડોઝ ના લીધા હોય તો કચેરીમાં પ્રવેશ નહિ ના નિર્ણયો અમલી બનાવાયા છે. જોકે એકાદ દિવસમાં બસોની મુસાફરીમાં પણ મુસાફરોના પ્રમાણને નિયત કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

શહેર-જિલ્લામાં આજે ૧૦૦ થી વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે. શહેર જિલ્લામાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન તેમજ હોમ આઈસોલેશન અને ક્વોરોન્ટાઈના અસરકારક અમલની તાકીદ સાથે કોરોના ગાઈડલાઈનનો ચુસ્તતાથી અમલ થાય તે જોવા પણ તંત્રને જણાવવામાં આવ્યુ છે.

## શહેરમાં કોરોનાના નવા ૫૯ કેસ

**શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્યમાં ૨૭ તો સેક્ટરોમાં ૩૧ કેસ નોંધાયા : આજે નોંધાયેલા કેસોમાં ૨૫ મહિલા દર્દી : વીઆઈપી ગણાતા સે. ૧૯, ૯, ૨૦ માં ૯ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના કેસો ૫૯ નોંધાતા તંત્રમાં હાહાકાર મચી જવા પામ્યો છે. આજે નોંધાયેલા કેસો સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૮૯ પર પહોંચી છે.

ગાંધીનગર શહેરમાં કોરોના બેફામ બન્યો છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને શહેરના સેક્ટરોમાં કેસો નોંધાતા તંત્રની દોડધામ વધી જવા પામી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૫ મહિલા દર્દીઓ છે તેમજ યુવા દર્દીઓની સંખ્યા વધુ છે. શહેરમાં નોંધાયેલા કેસોમાં તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં વી.આઈ.પી. ગણાતા સે. ૧૯, ૨૦ અને સે. ૯ માં થઈ ૯ કેસ મળી આવતાં તંત્રની ચિંતા અને દોડધામ વધી જવા પામી છે. વધતા જતા કેસો થર્ડ વેવનો આરંભ થઈ ગયાના સ્પષ્ટ સંકેત આપી રહેલ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ૨૭ કેસ નોંધાયા છે. સરગાસણમાં ૬, વાવોલમાં ૪, ઝુંડાલમાં ૫, કુડાસણમાં ૩, રાંદેસણમાં ૩, પેથાપુર અને રાયસણમાં-૨૨ તેમજ રાંધેજા અને આઈ.આઈ.ટી.માં કેસ નોંધાયા છે.

શહેરના સે. ૧૯માં ૫, સે. ૭ માં ૫, સે. ૨૩, ૨૯, ૧૩, ૫, ૨૭, ૧૨ માં ૨-૨ કેસ તેમજ સે. ૯માં ૩ કેસ નોંધાયા છે. આ ઉપરાંત સે. ૧૭, ૬, ૨, ૪, ૨૨, ૨૦ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં ગઈકાલ કરતાં આજે બમણાથી પણ વધારે કેસો નોંધાયા છે. રાજ્ય મંત્રી જીતુભાઈ ચૌધરીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવવા ઉપરાંત રાજ્યના સિનીયર અધિકારીઓ પણ કોરોનાની ઝપટે ચડી ગયા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામ્ય વિસ્તારમાં નવા ૨૬ કેસ

**ગાંધીનગરમાં તાલુકામાં ૭, કલોલમાં ૧૭, માણસામાં બે કેસ નોંધાયા : ૫ વિદ્યાર્થી, બે તબીબ, ત્રણ કર્મયોગી અને ૧૩ મહિલાઓ સંક્રમિતોની યાદીમાં**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૬ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોની સંખ્યા વધીને ૯૦ થઈ છે.

જિલ્લામાં સાત મહિના પછી એકાએક આવેલા ઉછાળાને લઈ તંત્ર પણ બેબાકળુ બન્યુ છે. તંત્ર આજે આખો દિવસ વધેલા કેસોને લઈ દોડધામમાં વ્યસ્ત બન્યુ છે.

આજે નોંધાયેલા કેસોમાં ૭ કેસ ગાંધીનગરમાં, માણસામાં બે અને ૧૭ કેસ કલોલમાં નોંધાયા છે. જિલ્લામાં કોરોનાના કેસોએ જે ગતિ પકડી છે તેની સામે તંત્ર લાચાર બની ગયુ છે. મળતી પ્રાથમિક વિગતો પ્રમાણે ૧૪ જેટલા કેસો સંક્રમિતોના સંપર્કમાં આવેલા લોકોના છે તો અન્ય કેસ બહાર ગયા હોવાથી કોરોનાથી સંક્રમિત થયા હોવાનું કહેવાય છે.

ગાંધીનગર અને કલોલમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેને પગલે તંત્રમાં ચિંતા વધી છે. જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાં પાંચ વિદ્યાર્થી, બે ખાનગી તબીબો, ત્રણ કર્મયોગી અને ૧૩ મહિલાનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરને અડીને આવેલ સીઆરપીએફ કેમ્પમાં આજે પાંચ કેસ નોંધાયા છે. આ પૈકી ૪ ને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

કસ્તુરીનગર શેરથામાંથી પણ ૩૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત કરાઈમાં પોલીસ તાલિમ માટે આવેલા એક ટ્રેઈની મહિલા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકામાં આજે ૧૭ કેસ નોંધાયા છે. જેમાં કલોલ

● અનુસંધાન પાન-૭ પર

## વાયબ્રન્ટ પછી પગંત મહોત્સવ, કોરોના સંક્રમણના સમયમાં ૨૫ ટકા ભાવ વધારો

**આ વખતની ઉત્તરાયણ ફિક્કી પડી જવાનીદ હેશત, સરકારી મેળાવડાના કારણે તબીબોને ચિંતા છે કે ગુજરાતમાં કોરોના કેસની સંખ્યા રોકેટગતિએ વધી જશે**

ગાંધીનગર, તા. ૫

ગુજરાતમાં ઉત્તરાયણ એટલે સમગ્ર ગુજરાતીઓનો માનિતો તહેવાર કહેવાય છે. આ વખતે ઉત્તરાયણ શુક્રવારે આવતી હોવાથી પતંગ રસિયાઓને શનિવાર અને રવિવારનો પણ લાભ મળશે, એટલે કે ત્રણ દિવસ સુધી સળંગ લોકો પતંગોત્સવ માણી શકશે પરંતુ કોરોના સંક્રમણના કેસો વચ્ચે કેટલાક નિયંત્રણો મૂકવામાંઆવી શકે છે.

ગુજરાતમાં ૧૦ થી ૧૨ જાન્યુઆરીએ વાયબ્રન્ટ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. એ ઉપરાંત અત્યારે પણ કોરોનાના કેસો વધી રહ્યાં છે ત્યારે રાજ્યમાં સરકારી મેળાવડા ચાલુ છે. આ મેળાવડાના કારણે તબીબો ચિતીંત છે.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં ૪૦ હજાર મતદારો વધ્યા

**નવી મતદારયાદી પ્રસિદ્ધ :નવા નામ દાખલ કરવામાં મહિલાઓ પુરૂષોની તુલનામાં અગ્રેસર રહી : ૪૦ હજારથી વધુ નામ દાખલ કરવામાં આવ્યા**

ગાંધીનગર, તા. ૫

કેન્દ્રીય ચૂંટણી પંચે આજે જાહેર કરેલ મતદાર યાદી મુજબ ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૩,૧૯,૨૭૮ થાય છે.

જિલ્લામાં ૬,૭૭,૯૧૪ પુરૂષ મતદારો, ૬,૪૧,૩૨૦ મહિલા મતદારો અને ૪૪ અન્ય મતદારો મળી કુલ સંખ્યા ૧૩,૧૯,૨૭૮ થાય છે.

૨૦૨૧ની સરખામણીએ જિલ્લામાં ૪૦ હજારથી વધુ મતદારો વધ્યા છે. ચૂંટણી પંચે સપ્ટે.-નવેમ્બરમાં આ મતદારયાદી સુધારણા ઝુંબેશ હાથ ધરી હતી.

જિલ્લામાં સૌથી વધુ મતદારો ગાંધીનગર (દ)માં વધ્યા છે. જ્યાં ૧૪,૬૩૫ મતદારો વધ્યા છે જેમાં ૭૫૪૮ પુરૂષ અને ૭૦૮૭ મહિલા મતદારો વધ્યા છે. જિલ્લામાં મતદાર યાદી સુધારણામાં મહિલાઓએ સારો રસ દાખવ્યો છે. એટલુ જ નહિ પુરૂષ મતદારોની સરખામણીએ જિલ્લામાં મતદારોની સંખ્યા વધુ વધી છે.

જિલ્લામાં નવી મતદાર યાદીમાં ૨૦,૨૯૧ પુરૂષ મતદારો અને ૨૦,૭૦૩ મહિલા મતદારોનો વધારો થયો છે. ગાંધીનગર (ઉ), દહેગામ તેમજ માણસા વિધાનસભા મત વિસ્તારમાં પુરૂષોની સરખામણીએ મહિલા મતદારોમાં વધારો નોંધાયો છે.

આજે પ્રસિદ્ધ થયેલા મતદાર યાદી પ્રમાણે ગાંધીનગર(દ)માં ૩,૬૪,૩૬૮ નોંધાયેલા મતદારો છે. જેમાં ૧,૮૭,૫૦૬ પુરૂષ અને ૧,૭૬,૮૪૯ મહિલા મતદારો તેમજ ૧૩ અન્ય જાતિના નોંધાયેલા મતદારો છે.

ગાંધીનગર (ઉ)માં ૧,૩૧,૧૭૪ પુરૂષ મતદારો અને ૧,૨૪,૩૦૩ મહિલા તેમજ ૮ અન્ય મતદારો મળી કુલ ૨,૫૫,૪૮૫ મતદારો નોંધાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

## વાયબ્રન્ટ ગુજરાત - વાયબ્રન્ટ ગાંધીનગર : ગાંધીનગરને નવા શણગાર






























વાઈબ્રન્ટ ગુજરાત ...છેલ્લા એક મહીનાથી સમગ્ર તંત્ર વાઈબ્રન્ટ સમિટની તૈયારીમાં ગળાડુબ છે. કાતિલ ઠંડી અને વરસાદી વાયરા વચ્ચે પણ નગરને સોહામણુ બનાવવા માટે તડામાર તૈયારીમાં મેનપાવર રાત દિવસ વિવિધ કામગીરીમાં વ્યસ્ત છે. કોરોનાના કપરા કાળમાં ત્રણ વર્ષના અંતે વાઈબ્રન્ટ સમિટનુ આયોજન કરવામાં આવ્યુ છે. એકતરફ કોરોનાના વધતા સંક્રમણના ખતરો વધ્યો છે ત્યારે વાઈબ્રન્ટ ફીવર પણ ચરમસીમાએ પહોંચ્યો છે. વાઈબ્રન્ટ સમિટને અંજામ આપવા માટે આખરી તબક્કામાં કામ ચાલી રહ્યુ છે. નગરના માર્ગો, ફુટપાથ , સેન્ટ્લ વર્જ , વન આરક્ષિત વિસ્તાર , મહાત્મા મંદિર, સે-૧૭ સ્થિત એક્ઝિબ્યુશન સેન્ટરને નવા રૂપરંગ સાથે વાઈબ્રન્ટ લુક આપવામાં આવી રહ્યો છે. ચ-૦ થી ઈન્દિરાબ્રિજ તેમજ સરગાસણ ,શાહપુર ઉપરાંત ગીફટ સીટી અને એરપોર્ટ સાથે જોડાયેલા માર્ગની પણ રોનક નિખરે તે મુજબ બ્યુટિફિકેશન કરવામાં આવ્યુ છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરને દુલ્હનની જેમ શણગારવામાં આવે છે. જયારે આ વર્ષે ડ્રોન શો ના લીધે પણ નવુ આકર્ષણ ઉભુ થયુ છે. નગરના હાર્દસમા વિસ્તાર સ્વર્ણિમ પાર્કમાં પણ લાઈટીંગ અને સુશોભન સાથે નગરના વિવિધ માર્ગો પર સ્થિત સર્કલોને પણ સફાઈ અને રંગરોગાન કરી રોશનીથી સજાવવામાં આવી રહ્યા છે. શહેરના વન આરક્ષિત વિસ્તાર તેમજ સેન્ટ્લ વર્જમાં પણ રોશની લગાવી દેવામાં આવી છે. રાત્રિના દરમિયાન રંગબેરંગી રોશનીથી નગર જગામગા થઈ ગયુ છે. શહેરની સરકારી ઈમારતોને પણ રોશનીથી શણગારવામાં આવી છે. સર્કલો ઈમારતો તેમજ સેન્ટ્રલ વર્જની સાથે માર્ગો પર થર્મોપ્લાસ્ટના પટ્ટા અને રીફલેકટર્સ મકવામાં આવ્યા છે જેના લીધે રાત્રિના સમયે શહેરના માર્ગોની સુંદરતા નિખરે છે. મુખ્યમાર્ગો આસપાસ નમી પડેલી વૃક્ષોની તોતિંગ લટકતી ડાળીઓનુ પણ ટ્રીમીંગ કરી દેવામાં આવ્યુ છે. મુખ્યમાર્ગો આસપાસ સ્થિત દબાણો દુર કરી દેવાયા છે. જયારે શહેરમાં મુકવામાં આવેલા દિશાસુચક બોર્ડસનુ પણ રંગરોગાન અને રીપેરીંગ કરી દેવાયુ છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં કંગાળ ભાસતા સ્ટ્રીટલાઇટના થાંભલાને પણ કલર કરી દેવાયો છે. બંધ લાઈટો પણ ઝળહળતી થઈ ગઈ છે. શહેરના વિવિધ ક્રોસ રસ્તા પાસે મુકવામાં આવેલા સોલાર બ્લિન્કર્સ પણ ચાલુ કરી દેવાયા છે. શહેરમાં મુખ્યમાર્ગો આસપાસ નવા રોપાઓની વાવણી કરી રંગબેરંગી રોશની સાથે કલરફુલ ફુલો પણ નિખરે તે મુજબનુ આયોજન કરાયુ છે. સે-૧૭ એકઝિબ્યુશન સેન્ટર તરફ જતા માર્ગના વાઇડનીંગનુ કામ પુર્ણ કરી પ્રદર્શન સંકુલના આંતરિક માર્ગોના રીસરફેસીંગનુ કામ પણ પુર્ણ કરી દેવાયુ છે. ઘ-૪ અન્ડરપાસ પાસે સ્થિત સર્વિસ રોડ પણ ખુલ્લો મુકી દેવાતા ટ્રાફિકની અવરજવર સરળ થઈ ગઈ છે. દેશ વિદેશથી આવનારા મહાનુભાવોને વેલકમ કરવા માટે સુશોભનની સાથે સલામતીનો પણ પુરતો ખ્યાલ રાખવામાં આવી રહ્યો છે. અત્યારથી જ શહેરમાં ઠેર ઠેર પોલીસ પહેરો જોવા મળી રહ્યો છે. મહાત્મા મંદિરમાં પેવર બ્લોક તેમજ સી સી કેમેરા અને સિગ્નલ લગાવાની સાથે ૬ ફુટ ઉંચી ફેન્સીંગ પણ કરી દેવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન કોઈપણ બિન અધિકૃત વ્યકિત પ્રવેશી શકે નહી તે માટે કેમેરાની વોચ સાથે પુરતો પોલીસ બન્દોબસ્ત પણ ગોઠવી દેવાયો છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન આવતા મુલાકાતીઓ માટે વિવિધ ઠેકાણે પાર્કીંગ પ્લેસ તૈયાર કરી દેવાયા છે. નગરના પ્રવેશદ્વારે પણ ચાંપતો પોલીસ બન્દોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આગામી સપ્તાહમાં નગરમાં રાત્રિના સમયે વાઈબ્રન્ટની રોનક સૌ કોઈ માટે આકર્ષણનુ કેન્દ્ર બનશે.નગર સુશોભનનો આ નઝારો નિહાળવા માટે દરવખતે રાત્રિના સમયે બહારગામના મુલાકાતીઓ પણ વિશેષ આવે છે. ત્યારે કોવિડના વધતા સંક્રમણ વચ્ચે આ વર્ષે આ મામલે વિશેષ તકેદારી રાખવાની અનિવાર્યતા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com